For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

જૂની લાઇનો, ગીચતા ખતરાની ઘંટી સમાન : સ્માર્ટ સિટી સુરતમાં ગંદા પાણીની એક વર્ષમાં ૬૬૦૦થી વધુ ફરિયાદો

ગંદાપાણીની 5 ટકા ફરિયાદ સુરતને ઈન્દોર બનાવશે

ટકાવારી ભલે ઓછી છે પરંતુ તેને હલ કરવામાં 10 દિવસ જેટલો લાંબો સમય નીકળી જાય છે

10 દિવસ સુધી ગંદુ પાણી પીવાથી કોઇ પણ વિસ્તારમાં રોગચાળો ફાટી શકે છે

સુરતઃ સ્વચ્છતા સર્વેક્ષણમાં દેશભરમાં ડંકો વગાડનારા સુરત શહેરને વોટર સપ્લાય, વોટર ક્વોલિટી અને નિયમિતતાના માપદંડોના આધારે સેવન સ્ટાર વોટર પ્લસ સિટીનો દરજ્જો પણ મળ્યો છે. જો કે છેલ્લા ઘણા વરસોથી સ્વચ્છતામાં નબંર-1 મધ્યપ્રદેશના ઈન્દોરમાં દૂષિત પાણીના કારણે 14 નાગરિકોના મોત અને સેંકડો લોકો હોસ્પિટલમાં દાખલ થયાની ઘટના હજુ તાજી છે, ત્યાં જ ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં ગંદા પાણીને કારણે ટાઈફોઈડનો રોગચાળો ફાટી નીકળ્યો છે. આ બે ભયાનક ઘટનાઓના પૃષ્ઠભૂમિમાં સ્માર્ટ સિટી સુરતમાં પણ ગંદા પાણીની વધી રહેલી ફરિયાદોને ધ્યાને રાખી લોકોને પાણીજન્ય રોગચાળાથી

અનુસંધાન પાના ૫ પર

સરેરાશ દૈનિક 18 ફરિયાદ : ઉધના, લિંબાયત-સેન્ટ્રલ ઝોનમાં સૌથી વધુ

આંકડાકીય વિશ્લેષણ દર્શાવે છે કે સુરત શહેરમાં દુષિત પાણીની દરરોજ સરેરાશ 18થી વધુ ફરિયાદ આવે છે. આ એવી ફરિયાદો છે જે મનપાના ઓનલાઇન પોર્ટલ પર, સોશિયલ પ્લેટફોર્મ વગેરેના માધ્યમથી કરવામાં આવે છે. ઇન્દોરમાં જે રીતે ડ્રેનેજનું પાણી પીવાની લાઇન સાથે ભળી જવાથી 'સ્લો પોઈઝન' જેવી સ્થિતિ સર્જાઈ હતી, તેવો ભય લિંબાયત અને સેન્ટ્રલ ઝોનમાં જોવા મળી રહ્યો છે. કેમકે 1191 લિંબાયત ઝોન અને સેન્ટ્રલ ઝોનમાં 1101 ફરિયાદો અને ઉધના ઝોનમાં 1043 ફરિયાદો એક વર્ષમાં નોંધાઇ છે. એ વાતની સાક્ષી પૂરે છે કે શહેરના જૂના અને ગીચ વિસ્તારોમાં પાઇપલાઇનોનું નેટવર્ક જોખમી સ્તરે પહોંચ્યું છે. જ્યારે ગાંધીનગરમાં નવી લાઈનોના ટેસ્ટિંગમાં રોગચાળો ફેલાયો, ત્યારે સુરતમાં મેટ્રો અને ફ્લાયઓવરના ખોદકામ દરમિયાન વારંવાર લાઇનો ડેમેજ થવાની ઘટનાઓ આ જોખમને અનેકગણું વધારી રહી છે.

ફરિયાદોના નિકાલની સ્થિતિ શું છે ?

- 60 ટકા જેટલી ફરિયાદો 24 થી 48 કલાકમાં નિકાલ થાય છે.
- 20 ટકા ફરિયાદો સોલ્વ થતા બે થી ત્રણ દિવસ લાગી જાય છે.
- 15 ટકા ફરિયાદો એક અઠવાડીયા સોલ્વ થાય છે.
- 5 ટકા ફરિયાદોમાં ગંદા પાણીના લીકેજ ને શોધવા-બંધ કરવામાં સરેરાશ 10 દિવસથી વધુ સમય લાગ્યો

ગંદા પાણીની ફરિયાદો પાછળના જવાબદાર કારણો

- જૂની અને જર્જરિત પાઇપલાઇન: સેન્ટ્રલ ઝોન (કોટ વિસ્તાર) અને લિંબાયત અને ઉધનામાં દાયકાઓ જૂની પાઇપલાઇનો છે, જેમાં કાટ લાગવાને કારણે કે છિદ્રો પડવાને કારણે આજુબાજુનું ગંદુ પાણી ખેંચાઈ આવે છે. એક સર્વે મુજબ આ વિસ્તારોમાં ઘણી લાઇનો 30 વર્ષ જુની છે.
- ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ: શહેરમાં ચાલી રહેલી મેટ્રો રેલ અને નવા ફ્લાયઓવર, એમએમટીએચના ખોદકામ દરમિયાન અવારનવાર પીવાની પાણીની લાઇનો પંક્ચર થાય છે. આ પંક્ચર થયેલી જગ્યાએથી ગટરનું પાણી મિશ્રિત થવાની શક્યતા વધી જાય છે.
- ગેરકાયદેસર કનેક્શન: અનેક વિસ્તારોમાં લોકો ડ્રેનેજ લાઈનની અત્યંત નજીકથી પાણીના ગેરકાયદેસર કનેક્શન લે છે, જે લીકેજ સમયે રોગચાળાનું મુખ્ય કારણ બને છે.
- વેક્યૂમની સમસ્યા: જ્યારે પાણીનો સપ્લાય બંધ હોય, ત્યારે પાઇપલાઇનમાં વેક્યૂમ સર્જાય છે. જો નજીકમાં ડ્રેનેજ લાઇન લીક હોય, તો તે દબાણ વગર પાણીની લાઇન તરફ ખેંચાય છે.
- નબળું ક્લોરીનેશન: છેવાડાના વિસ્તારોમાં પાણી પહોંચતા સુધીમાં ક્લોરીનનું પ્રમાણ ઘટી જવાથી બેક્ટેરિયાનું સંક્રમણ વધે છે.

ઝોનવાઇઝ ક્યાં કેટલી ફરિયાદો નોંધાઈ?

ઝોન	ગંદા પાણીની ફરિયાદો (9 માસ)
લિંબાયત	1191
સેન્ટ્રલ	1101
અઠવા	841
ઉધના-એ	1043
કતારગામ	850
વરાછા-એ	490
રાંદેર ઝોન	610
ઉધના-બી	354
સરથાણા ઝોન	146
કુલ	6647

ઇન્દોર-ગાંધીનગર જેવી સ્થિતિ સુરતમાં ના થાય તે માટે શું કરવું ?

ઇન્દોર અને ગાંધીનગરની ઘટનાઓ માત્ર આકસ્મિક નથી, પણ તંત્રની નિષ્ક્રિયતાનું પરિણામ છે. સુરત મનપાના આરોગ્ય વિભાગે સિવિલ અને સ્મીમેર હોસ્પિટલમાં નોંધાતા ઝાડા-ઉલટી અને તાઈફોઈડના કેસોનું હાઇડ્રોલિક વિભાગની

અનુસંધાન પાના ૫ પર

સચિનમાં કેમિકલ માફિયાઓ બેફામ

ક્રેઇનથી ઊંચકતી વખતે ટેંક તૂટી જતા એસિડિક કેમિકલ ઢોળાયું

પોલીસ મામલો રફેદફે કરવાની ફિરાકમાં, કેમિકલ કોનું તે ચકાસવામાં સચિન પોલીસનો પનો ટૂંકો પડી રહ્યો છે

સુરતઃ સુરત શહેરના સચિન વિસ્તારમાં આલ્ફા હોટલ પાસે કેમિકલ છોડવા આવેલા ટેંકરના માલિકો પોલીસની નાક નીચે ભાગી છૂટ્યા છે .સ્ટોરેજ ટેંક ઉચકતી વખતે નીચેથી ટાંકી તૂટી જતા એસિડીક કેમિકલ બહાર ઢોળાયું હતુ. સચિન, વડોદ અને પાંડેસરામાં નેતાજીના નજીકી અજિત સહિત ત્રણ ગેંગ ખાડીઓમાં મોડી રાત્રે કેમિકલ વેસ્ટ ઠાલવી રહ્યાનું ચર્ચાઈ રહ્યું છે.

સુરત શહેરના ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં બહારથી કેમિકલ છોડવા આવતી ગેંગ ફરી એકટીવ થઇ ગઇ છે. આ વાતની પુષ્ટિ ગઇકાલે સચિનની આલ્ફા હોટલ પાસે લાવારીસ હાલતમાં મળેલાં

અનુસંધાન પાના ૫ પર

અજિત નેતાજીના આશીર્વાદથી ખાડીમાં કેમિકલ વેસ્ટ ઠાલવી રહ્યો છે

પાંડેસરા, સચિન અને સચિન જીઆઈડીસી વિસ્તારમાં મોડી રાત્રે ખાડીઓમાં કેમિકલ વેસ્ટ ઠલવાઈ રહ્યો હોવાની લાંબા સમયથી ફરિયાદો જીપીસીબી અને પોલીસને મળી રહી છે. તેમ છતાં એક મોટી રાજકીય પાર્ટીના નેતાના દબાણ હેઠળ કાર્યવાહી થતી ન હોવાના આરોપો ઉઠી રહ્યા છે. સૂત્રો મુજબ, મંત્રીના ભત્રીજા અજિતને મોટા ગજાના નેતાના રાજકીય આશીર્વાદ મળતા તે પાંડેસરા,વડોદ-સચિન વિસ્તારમાં બેફામ રીતે કેમિકલ વેસ્ટ ઠાલવી રહ્યો હોવાનો આક્ષેપ છે. અગાઉ બમરોલી વિસ્તારમાં આ મામલે અજીત ગેંગ સાથે અન્ય ગેંગ વચ્ચે વોર પણ થઈ હતી.વહીવટમાં ભાગીદારી અને નેતાની નજીકતા કારણે તપાસ અટકાવવામાં આવી રહી હોવાનું કહેવાય છે. અજીત નેતાજીના ઓઠા હેઠળ પાંડેસરાના મિલ માલિકોને પણ બ્લેકમેલ કરી રહ્યો છે.હવે સવાલ એ છે કે અજિત સામે ક્યારે કાર્યવાહી થશે કે પછી કોઈ મોટી દુર્ઘટના પછી જ તંત્ર જાગશે?

ગુપ્તા અને સોનવણે ગેંગ પણ કેમિકલ વેસ્ટ ઠાલવવામાં એક્ટિવ થઈ છે

સચિન અને સચિન જીઆઈડીસી વિસ્તારમાં ફરી એકવાર ગેરકાયદેસર કેમિકલ વેસ્ટ ઠાલવવાનો કૌભાંડ સક્રિય થયો હોવાનું સામે આવ્યું છે. અગાઉ સચિન જીઆઈડીસીમાં કેમિકલ નિકાવની લાઈન ખોલી સીધું વેસ્ટ ઠાલવવામાં આવતું હતું, જેમાં સ્થાનિકોની ફરિયાદ બાદ પણ પોલીસ દ્વારા મામલો દબાવી દેવામાં આવતો હતો. બાદમાં બે-ત્રણ શ્રમિકોના મોત થતાં તંત્ર જાગ્યું અને કાર્યવાહી સાથે પાંચ પોલીસ કર્મીઓની બદલી કરવામાં આવી હતી, જેમાં ગુપ્તા ગેંગની સંડોવણી બહાર આવી હતી.હવે ફરી સમય વિત્યા બાદ ગુપ્તા ગેંગ સચિન વિસ્તારમાં સક્રિય થઈ હોવાની માહિતી છે, જ્યારે સોનવણે ગેંગ પાંડેસરા ભેદવાડ ખાડીમાં તક જોઈ કેમિકલ વેસ્ટ ઠાલવી રહ્યો હોવાનું સૂત્રો જણાવે

અનુસંધાન પાના ૫ પર

ભટાર બ્રેડલાઈનર સર્કલ પાસે ખુલ્લા મકાનમાં ચોરી

સુરતઃ ભટાર બ્રેડલાઈનર સર્કલ નજીક આવેલા એક મકાનમાં રિનોવેશનનું કામ હોવાથી ઘર ખુલ્લું હતું. તે તકનો લાભ લઈને તસ્કર ઘરમાંથી બેગ ઉઠાવી ગયો હતો. આ બેગમાં રોકડ તેમજ બેંકની ચેકબુક હતી. ભટાર બ્રેડલાઈનર સર્કલ પાસે આવેલા સરદાર પાર્ક વિસ્તારમાં રહેતા 60 વર્ષીય પ્રવિણકુમાર મગનલાલ પટેલને ત્યાં રીનોવેશનનું કામ ચાલી રહ્યું હતું, જેના કારણે નીચેનો દરવાજો અસ્થાયી રીતે હટાવેલો હતો અને ઘર ખુલ્લી સ્થિતિમાં હતું. તારીખ 27 ડિસેમ્બરના રોજ એક ચોર આ તકનો લાભ લઈને ઘરમાં ઘૂસી ગયો હતો. અને કબાટમાંથી રોકડ રૂ. 51,500 તેમજ ધ કાલુપુર કોમર્શિયલ બેંકની બે ચેકબુક સાથેની બેગ ચોરી ગયો હતો. તેમણે સીસીટીવી ચેક કરતાં સમગ્ર ઘટના બહાર આવી હતી. તેમણે કરેલી ફરિયાદના આધારે ખટોદરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આઈસક્રીમની લાલચ આપી 9 વર્ષની બાળકીને લિંગ બતાવ્યું

લિંબાયતમાં બાળકીને ખોળામાં બેસાડી છાતી પર હાથ ફેરવનારની શોધખોળ

સુરતઃ લિંબાયત વિસ્તારમાં 9 વર્ષની બાળકીને આઈસક્રીમની લાલચ આપી ખોળામાં બેસાડી લિંગ બતાવનાર સામે ગુનો નોંધાયો છે. બાળકીએ ઘરે જઈને પરિવારને હકીકત જણાવતા આ બનાવની ફરિયાદ કરવામાં આવી છે. આ કેસમાં થોડા જ કલાકોમાં પોલીસે શ્રીનાથ સોસાયટી, લિંબાયત ખાતે રહેતા 40 વર્ષીય જયવંત શિવાજી નિકમને ઝડપી પાડ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગત તા. 03/01/2026ના રોજ બપોરે આશરે 14:30 વાગ્યાના અરસામાં લિંબાયત વિસ્તારમાં રહેતા એક પરિવારની 9વર્ષની દીકરી ઘર નજીક રમી રહી હતી. તે સમયે એક અજાણ્યો તેની પાસે આવ્યો હતો. તેણે બાળકીને આઈસક્રીમની લાલચ આપીને તેની પાસે બોલાવી હતી. ત્યારબાદ તેને ખોળામાં બેસાડી દીધી હતી. આરોપીએ બાળકીની છાતીના ભાગે હાથ ફેરવ્યો હતો તેમજ તેના આંતરવસ્ત્રના ભાગે હાથ ફેરવવાની કોશિશ કરી હતી. એટલું જ નહીં, આરોપીએ પેન્ટની ચેન ખોલી પોતાનું લિંગ બતાવી બાળકી સાથે ઘૃણાસ્પદ હરકત કરી હતી.

ઘટનાથી બાળકી ગભરાઈ ગઈ હતી અને તેની પાસેથી છટકીને ઘરે પહોંચી ગઇ હતી. તેની સાથે થયેલી હરકતો તેણે પરિવારને જણાવતા પરિવારે તાત્કાલિક લિંબાયત પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો. આરોપીને શોધવા માટે પોલીસ આસપાસના CCTV ફૂટેજ તપાસી રહી છે.

સિવિલમાં દાખલ માતાના નવજાત બાળકને 'ઇન્ક્યુબેટર'માં મુકાતા આઘાત લાગ્યો

આપઘાત કરવા મહિલા સાતમાળની પાલક પર ચઢી ગઇ

નવજાતની ગંભીર હાલત જોઇ માતાને જીવન નિરર્થક લાગ્યું અને હાઇ વોલ્ટેજ ડ્રામા સર્જાયો

ફાયર વિભાગની ટીમે વાતોમાં પરોવી રાખી પાછળથી પકડી લેતા જીવ બચી ગયો

સુરતઃ બાળકને પીડાતું જોઈને આઘાતમાં સરી જતી માતાની શું હાલત થાય છે, તે આજે શહેરની નવી સિવિલ હોસ્પિટલમાં નવજાત શીશુની ગંભીર હાલત જોઈને જીવવુ નિરર્થક લાગતા આત્મહત્યા કરવા માટે બાબુના સ્ટ્રચર પર સાતમા માળે ચડી ગયેલી માતા અને ત્યારબાદ સર્જાયેલા હાઇ વોલ્ટેજ ડ્રામાથી પ્રતિતિ થઇ હતી. સિવિલમાં દાખલ એક મહિલાએ બાળકને જન્મ આપ્યા બાદ બાળકની હાલત ગંભીર હોવાથી આઘાતમાં સરી પડેલી મહિલા શનિવારની મોડી રાત્રે કોવિડ બિલ્ડિંગના વાંસના સ્ટ્રક્ચર પર સાતમા માળ સુધી ચઢી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. સદનસીબે હોસ્પિટલ સ્ટાફ, સિક્યોરિટી અને ફાયર વિભાગની સમયસર કાર્યવાહીથી મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. આ હાઇ વોલ્ટેજ ડ્રામા દોઢ કલાક સુધી ચાલ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, નવી સિવિલ હોસ્પિટલના કોવિડ બિલ્ડિંગમાં 30 વર્ષીય મહિલા સુનિતા રવિન્દ્ર પ્રધાનએ બાળકને જન્મ આપ્યો હતો. જન્મ બાદ બાળકની તબિયત અત્યંત નાજુક હોવાથી તેને ICUમાં ઇન્ક્યુબેટર (કાચની પેટી) માં રાખવામાં આવ્યું હતું. પોતાના વહાલસોયા બાળકને ત્રણ દિવસથી ICUમાં જોઈ માતા ઊંડા માનસિક આઘાતમાં સરી પડી હતી અને તેણે માનસિક સંતુલન ગુમાવ્યું હતું. આ સ્થિતિમાં મહિલાએ અંતિમ પગલું ભરવાનો નિર્ણય કરી લીધો અને હોસ્પિટલના કોવિડ બિલ્ડિંગના રિપેરિંગ માટે લગાવવામાં આવેલા

અનુસંધાન પાના ૫ પર

હોસ્પિટલના કર્મીઓ બચાવવા ઉપર ગયા તો મહિલા નીચેના માળે આવી ગઇ

જ્યારે સુનિતા બહેનને આત્મહત્યાના ઇરાદાથી સાત માળના બાંબુના સ્ટ્રક્ચર પર ચડી ગયા ત્યારે હોસ્પિટલના કર્મચારીઓ તેને સમજાવીને નીચે ઉતારવા માટે સાતમાં માળે ગયા હતા પરંતુ લોકોને આવતા જોઇને સુનિતા બહેન નીચેના માળે આવી ગયા હતા. આમ સંતાકુકડી વચ્ચે બીજા માળે સુનિતા બહેન અટકી ગયા હતા. બીજા માળે સ્ટ્રક્ચર પર તેના સુધી પહોંચવા વ્યવસ્થા નહીં હોવાથી ત્યાં પહોંચેલી ફાયરની ટીમે મામલો સંભાળી લીધો હતો. એક બાજુ નીચે નેટ તેમજ અન્ય બચાવ સામગ્રીની વ્યવસ્થા ગોઠવાઇ જ્યારે બીજી બાજુ સુનિતા બહેનને વાતોમાં પરોવી રાખ્યા, ત્રીજી બાજુ ફાયરના એક કર્મચારી પાછળથી સાવધાનીપૂર્વક તેની પાસે પહોંચી ગયા અને ચપળતાથી પકડી લીધા હતા. ત્યારબાદ સુનિતા બહેનને સમજાવીને નીચે ઉતારી લેવાયા હતા.

પતિ ચા લેવા ગયો અને સુનિતાબહેન આત્મહત્યા કરવા દોડ્યા

સુનિતા બહેનનો પતિ રવિન્દ્ર પ્રધાન છૂટક મજુરીનું કામ કરે છે. મોડી રાત્રે રવિન્દ્રભાઇ ચા લેવા સિવિલ હોસ્પિટલના ગેટ પર ગયા હતા ત્યારે એકલી પડેલી સુનિતાને આત્મહત્યાનો વિચાર આવતા સાતમા માળ સુધી ચડી ગયા હતા. જો કે તેના બચાવ બાદ ડોક્ટરોએ તેની માનસિક હાલત નાજુક હોવાનુ જણાવતા માનસિક સારવાર માટે તજવીજ હાથ ધરાઇ હતી.

મલ્ટિનેશનલ કંપનીઓના જહાજોમાંથી ડીઝલ ચોરીનું કૌભાંડ

મધદરિયે બોટ મારફતે ડીઝલ ચોરી કરી કાંઠા વિસ્તારમાં સસ્તા ભાવે વેચી દેવાય છે

સુરત : શહેરના ડુમસ દરિયા કિનારે મોડી રાત્રે એસઓજીએ (Special Operations Group) મલ્ટીનેશનલ કંપનીઓના જહાજોમાંથી થતી મોટા પાયે ડીઝલ ચોરીના રેકેટનો પર્દાફાશ થયો છે. મધદરિયામાં લંગરાયેલા જહાજોમાંથી ગેરકાયદેસર રીતે ડીઝલ કાઢી તેને કાંઠા વિસ્તારમાં સસ્તા ભાવે વેચવાનું સુવ્યવસ્થિત નેટવર્ક લાંબા સમયથી

અનુસંધાન પાના ૫ પર

ACPની બદલી બાદ ખુલ્યું કૌભાંડ, સ્થાનિક પોલીસ શંકાના ઘેરામાં

તાજેતરમાં પ્રમોશન સાથે કેટલાક પોલીસ અધિકારીઓની બદલી કરવામાં આવી છે. ડુમસ પોલીસ સ્ટેશન જે એસીપીના તાબા હેઠળ આવે છે તેવા એસીપી દીપ વકીલે બે દિવસ અગાઉ પોતાનો ચાર્જ છોડ્યો હતો. ત્યારબાદ નવા એસીપી તરીકે એસ.જી. તરડે ચાર્જ સંભાળતા જ એસઓજી દ્વારા આ મોટી કાર્યવાહી હાથ ધરાતા પોલીસ બેડામાં

અનુસંધાન પાના ૫ પર

તેજસ, અમિત અને રાજા મુખ્ય સૂત્રધાર?

આ કૌભાંડ પાછળ કાંઠા વિસ્તારના તેજસ, અમિત અને રાજા નામના શખ્સો મુખ્ય સૂત્રધાર હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ ત્રણેય શખ્સો

અનુસંધાન પાના ૫ પર

બેટ પર સંગ્રહ થતું હતું ચોરાયેલું ડીઝલ

મહત્વની વિગતો મુજબ, ડીઝલ ચોરી કર્યા બાદ તેને સીધું કિનારે લાવવામાં આવતું નહોતું, પરંતુ દરિયામાં આવેલા એક બેટ પર

અનુસંધાન પાના ૫ પર

કપરાડા તાલુકામાં મોડી રાતે ફરી ભૂકંપના આંચકા આવ્યાં

રવિવારે રાત્રે ધરતી કંપના મોટા અવાજથી વાસણો નીચે પડ્યા

શનિવારે રાત્રે ત્રણ વખત ધરતી કંપ

વલસાડ : સિસ્મેક ઝોન.3 મા આવતા વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના દાબખલ અને દિનબારી ગામમાં 2026 નવા વર્ષના પ્રથમ દિવસથી શરૂ થયેલા ધરતી કંપનના પગલે લોકોમાં ભય ફેલાયો છે. તેમાંયે રવિવારે રાત્રે 8.15 વાગ્યે મોટા ભયજનક અવાજ સાથે આવેલા ધરતીકંપને લઈ જમીન ધ્રુજવા સાથે અભરાઈ ઉપર મૂકેલા વાસણો પણ જમીન ઉપર પડી ગયા હોવાનું કેટલાક સ્થાનિકોએ જણાવ્યું હતું. ડુંગરાળ વિસ્તાર હોઈ લોકોમાં ગભરાહટનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. ગત દિવસોમાં ભંડાર કચ્છ, વારના, નીલોસી સહિતના ગામોમાં સતત ધરતીકંપ આવ્યા હોવા છતાં તંત્ર દ્વારા કોઈ તપાસ કરાઇ ન હતી. ત્યારે ફરી બે ગામોમાં આવેલા ધરતી કંપે ફરી આ ગામોના લોકોમાં ચિંતા જગાવી છે. દાબખલ ગામના સરપંચ જયેશ ભાઈ, દિનબારી આગેવાન ચંદરભાઈ ગાયકવાડે જણાવ્યું કે મામલતદારને પણ જાણ કરાઈ છે. ઉપરાંત કેટલાક ગ્રામજનોએ જણાવ્યું કે અચાનક ઘરના પંખાઓ હલવા લાગ્યા હતા અને જમીનમાં મોટા અવાજે કંપન જોવા મળ્યું હતું. ધરતીના કંપનથી

અનુસંધાન પાના ૫ પર

જમીનમાં 500 મીટર સુધી તિરાડ પડી ગઈ હતી

નોંધનીય છે કે 2011ના વર્ષમાં સપ્ટેમ્બર માસમાં પણ કપરાડા તાલુકાના ખૂટલી, વારોલી જોગવેલ સહિતના ગામોમાં પણ 1.07 તીવ્રતાનો ઝટકો લાગ્યો હતો. ગત ચોમાસામાં ધરતી કંપન બાદ વાડી ગામમાં જમીનમાં 500 મીટર સુધી તિરાડ પડી ગઈ હતી. અને બે મહિના અગાઉ ભંડાર કચ્છ, વારના ગામોમાં ધરતી કંપના આંચકા અનુભવાયા હતા.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

મનુષ્ય જીવન મળવું એ ભાગ્યની વાત છે. મૃત્યુ થવું એ સમયની વાત છે. પરંતુ મૃત્યુ પછી પણ લોકોના હૃદયમાં જીવિત રહેવું એ જીંદગીમાં કરેલા સારા કર્મોની વાત છે. તમો અમારા હૃદયમાં સ્મૃતિરૂપે કાયમ જીવિત છો. પ્રભુ તમારા દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એવી પ્રાર્થના.

લિ.
ડો. જીજ્ઞેશભાઈ દિલીપભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર
ભાર્ગવી ઉદયકુમાર પટેલ (પુત્રી)

સ્વ. ડો. દિલીપભાઇ ખુશાલભાઇ પટેલ
સ્વ. તા. ૦૫.૦૧.૨૦૨૫
સ્થળ: ૫૧, ન્યૂ સૌરભ સોસાયટી, મોરાભાગળ, સુરત.

દસમી માસિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

આપનું સ્મરણ અમારો પ્રાણ છે,
આપનો સ્નેહ અમારી મૂડી છે,
આપના સુભાશિષ અમારી શક્તિ છે,
પરમકૃપાળુ પરમાત્માને અમારી પ્રાર્થના છે કે,
આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે.

લિ.
ગં.સ્વ.તારાબેન મોરારભાઈ પટેલ
મોહનભાઈ સુરેશભાઈ ઉર્ફે હાંસજીભાઈ પટેલ(ભાઈ)
બોની મોહનભાઈ પટેલ(ભત્રીજા) | દિપકભાઈ લખુભાઈ પટેલ
ઈશ્વરભાઈ શંકરભાઈ પટેલ(સરસાણા) | ગોવિંદભાઈ નાનુભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર

સ્વ. મોરારભાઈ સુરેશભાઈ ઉર્ફે હાંસજીભાઈ પટેલ
સ્વ.તા.૦૪/૦૩/૨૦૨૫
નિવાસસ્થાન : નિકી હાઉસની બાજુમાં, ન્યુ મગદલ્લા, સુરત.

સદગતનું બેસણું

સ્વ.નીતિન ભીખુભાઈ ડામોર
સ્વ.તા.૩૦/૧૨/૨૦૨૫

તા-૩૦/૧૨/૨૦૨૫ના રોજ આમારા પરિવારના મોભી શ્રી નીતિનભાઈ ડામોર (BN Minaral water, Vyara)નું દુઃખદ અવસાન થતાં તેમની દિવ્ય આત્માને શાંતિ આપવા અને પરિવારને સાંત્વના પાઠવવા સદગતનું બેસણું રાખેલ છે.
તારીખ-૬/૧/૨૦૨૬ - મંગળવાર, સમય-સાંજે ૩-૦૦ થી ૬-૦૦
સ્થળ - નિર્મલ બેવરેજીસ, ૩૫-૩૬,જલારામનગર, નાની ચીખલી રોડ, કાનપુરા, વ્યારા-૩૮૪૬૫૦, જી-તાપી-394650

આપના સ્મરણમાં
સ્વ.ભીખુભાઈ એન. ડામોર અને ગં.સ્વ. રસીલાબેન ડામોરના સુપુત્ર
ગં.સ્વ. ધારિણીબેન નીતિનભાઈ ડામોર (પત્ની)
પારૂલબેન બી. ડામોર (બહેન) • શીતલબેન બી. ડામોર (બહેન)
ધ્યાનવી નીતિનભાઈ ડામોર (પુત્રી) • ધ્વનિ નીતિનભાઈ ડામોર (પુત્રી)
સંપર્ક નંબર : 7567482900 02626-224760

॥ઉૐ॥ ॥ શાંતિ ॥ ॥ઉૐ॥

દુઃખદ અવસાન

સ્વ. કાંતિલાલ ભીખાભાઈ પટેલ (હોડીવાલા)
નવસારી નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શ્રી કાંતિલાલ ભીખાભાઈ પટેલનું તારીખ ૦૪/૦૧/૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતની સ્મશાન યાત્રા તારીખ ૦૬/૦૧/૨૦૨૬ના રોજ સવારે ૯-૩૦ કલાકે તેમના નિવાસસ્થાન મકાટીવાડ જલાલપોરથી નીકળી જલાલપોર સ્મશાન ગૃહ, ક્રિકેટના ગ્રાઉન્ડ પાસે જશે.

લી.
અશોકભાઈ પટેલ | ભાર્ગવભાઈ પટેલ
સંજયભાઈ પટેલ | ચિંતનભાઈ પટેલ
(હોડીવાલા ફેમિલી)

નિવાસસ્થાન : મકાટીવાડ, જલાલપોર, નવસારી.
હોડીવાલા પરિવારના જય શ્રી કૃષ્ણ.....

પ્રથમ પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ

સ્વ. ચંદનબેન વસંતલાલ કાચીવાલા
સ્વ. તા. ૦૫/૦૧/૨૦૨૫

જગતની દરેક સમૃધ્ધિ મળશે પણ કલ્પવૃક્ષ જેવી તમારી છાયા ક્યાંય નહી મળે, જીવન એવુ જીવી ગયા કે સૌના હૃદયમાં ગુજ્યા કરે, અથાગ કઠોર પરિશ્રમ કરી શૂન્યમાંથી સર્જન કરી પરિવારને સમૃધ્ધ બનાવી સારા સંસ્કાર આપી જીવન જીવવાની રાહ શીખવી ગયા, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ હૃદયપૂર્વક પ્રાર્થના.

લિ. વસંતલાલ મનસુખલાલ કાચીવાલા
પરેશકુમાર વસંતલાલ કાચીવાલા | રશ્મિબેન પરેશકુમાર કાચીવાલા
નંદકિશોર વસંતલાલ કાચીવાલા | ગીતાબેન નંદકિશોર કાચીવાલા
સ્વ. હર્ષદકુમાર વસંતલાલ કાચીવાલા | -
ચેતનકુમાર વસંતલાલ કાચીવાલા | અસ્મિતાબેન ચેતનકુમાર કાચીવાલા
કમલેશકુમાર વસંતલાલ કાચીવાલા | પીનલબેન કમલેશકુમાર કાચીવાલા
તથા સમસ્ત કાચીવાલા પરિવાર